# નેમગિરિ, જિંતૂર

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર નેમગિરિ સંસ્થાન, જિંતૂર. મેન રોડ, જિંતૂર જિ. પરભની (મહા.) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન–પરભની–૪૩ કિ.મી.<br>બસ સ્ટેન્ડ–જિંતૂર–૩ કિ.મી. |
| પહોંચવાનો સરળમાર્ગ... | જિંતૂર સડક રસ્તે. |
| નજીકનું શહેર... | પરભની–૪૩ કિ.મી. |
| નજીકના તીર્થક્ષેત્ર... | નવાગઢ–૫૦ કિ.મી., આસેગાંવ–૭૦ કિ.મી.,<br>શિરડ શહાપુર–૫૦ કિ.મી. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્રમાં ૨૦ રૂમો છે. જેમાં ૪ રૂમ અટેચ બાથરૂમવાળા છે તથા ૨ હૉલ છે, જેમાં ૧૦૦ યાત્રિઓની રહેવાની સુવિધા છે.

❀ નેમગિરિ અને ચન્દ્રગિરિ ઉપર મંદિર અને ૭ ગુફાઓ ચક્રવ્યૂહાકાર છે. ત્રણ નંબરની ગુફામાં ભગવાન શાંતિનાથની ૫ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા, ચોથી ગુફામાં મૂળનાયક નેમિનાથ ભગવાનની સવા છ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા અને પાંચમી ગુફામાં પાર્શ્વનાથ ભગવાનની ૯ ટન વજનવાળી ૫ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા જમીનથી ઉપર અંતરીક્ષમાં બિરાજમાન છે.

ચન્દ્રગિરિ ઉપર પ્રાચીન ચોવીસી મંદિર છે.